| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>Accredited Grade A by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટી કેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ | |
|---|---|---|

નં.પ્લેસમેન્ટ સેલ/૦૪/૨૦૧૮ તા.૩૦/૦૪/૨૦૧૮

**વિષય :** મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના હેઠળ ઉમેદવારોને એપ્રેન્ટીસ તાલીમ હેઠળ આવરી લેવા બાબત

**પ્રસ્તાવના :**

**સંદર્ભ :** (૧) ક્રમાંક : પરચ/102018/191844/સ/શિક્ષણ વિભાગ, તા.૨૦/૦૪/૨૦૧૮
(૨) ક્રમાંક : OW/2018/CM/એપ્રેન્ટીસ/288187, તા.૨૫/૦૪/૨૦૧૮

સંદર્ભ ૧ અને ૨ અન્વયે ૪૦ થી વધુ (Contractual સહીત) માનવબળ ધરાવતા દરેક એકમોએ કુલ માનવબળના ૨.૫ થી ૧૦% ની મર્યાદામાં એપ્રેન્ટીસ ભરતી કરવી ફરજીયાત છે. જેમાં સ્નાતક, ડીપ્લોમા તેમજ ડીપ્લોમા નીચેની પદવી ધરાવતા ઉમેદવારોની ભરતી કરી શકાય. સરકારશ્રી દ્વારા એપ્રેન્ટીસ ભરતી સંદર્ભે હાથ ધરવામાં આવેલા પ્રયત્નો અન્વયે યુનિવર્સિટી દ્વારા પણ હકારાત્મક સક્રિય પ્રયત્નો કરવામાં આવે તે જરૂરી છે.

**પરીપત્ર :**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન સંસ્થાઓએ નીચે મુજબ કાર્યવાહી સત્વરે હાથ ધરવી.

(૧) Institute/સંસ્થા તરીકે રજીસ્ટ્રેશન કરવું (Job Seeker તરીકે). આમ કરવાથી જે તે સંસ્થા/કોલેજોના પાસ આઉટ વિદ્યાર્થીઓ "Apprentice Training" માટે રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ રજીસ્ટ્રેશન સંસ્થાના આચાર્યશ્રી /અધ્યાપક ગણ દ્વારા નીચે મુજબની પોર્ટલ પર કરવાનું રહેશે.
www.apprenticeship.gov.in (MSDAE) (નોન ટેકનીકલ કોલેજ માટે)
http://portal.mhrdnats.gov.in (MHRD) (ટેકનીકલ કોલેજ માટે)

(૨) સંસ્થાના ૨૦૧૪-૧૫ અને ત્યારબાદના ઉતીર્ણ વિદ્યાર્થીઓનું ઉપર મુજબના પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેથી તેઓને એપ્રેન્ટીસ તરીકે ભરતીની તક મળી રહે.

(૩) જે સંસ્થામાં કુલ માનવબળ ૪૦ કરતા વધુ (કોન્ટ્રાકચ્યુઅલ સહીત) હોય તો તેવી સંસ્થાઓએ પણ એપ્રેન્ટીસની નિમણુંક પોતાની સંસ્થામાં કરવાની રહે છે. આ માટે તેઓએ "ESTABLISHMENT" તરીકે ઉપરોક્ત પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

(૪) મુદ્દા ૧,૨,૩ મુજબનું રજીસ્ટ્રેશન ૧૫ દિવસ સુધી દરેક સંસ્થાઓએ ફરજીયાત કરાવવાનું રહેશે.

(૫) વખતો વખત જે તે સક્ષમ અધિકારી દ્વારા આયોજન પામતા "ભરતી મેળા" માટે દરેક સંસ્થા કોલેજોએ જરૂરી સાથ સહકાર આપવાનો રહેશે. તેમજ જરૂરી વ્યવસ્થા કરી આપવાની રહેશે.

(૬) છેલ્લા ૩ વર્ષના વિદ્યાર્થીઓની વિગતવાર માહિતી Excel Sheet માં રાખવાની રહેશે.

(૭) તમામ કોલેજના આચાર્યશ્રીઓ/ડાયરેક્ટરશ્રીઓ ને તેમના અધિકાર ક્ષેત્ર માટે હોદાની રૂ એ નાયબ એપ્રેન્ટીસશીપ સલાહકાર તરીકે અધિકૃત કરવામાં આવે છે.

(૮) આચાર્યશ્રીએ પોતાના અધ્યાપક ગણમાંથી એક અધ્યાપકને મદદનીશ એપ્રેન્ટીસ અધિકારી તરીકે સત્વરે નિમણુંક કરવાની રહે છે. આ મુજબના આદેશની કોપી ઈમેઈલ આઈ.ડી. maysurajkot@gmail.com પર તારીખ ૧૫/૦૫/૨૦૧૮ સુધીમાં મોકલવાની રહેશે. વધુમાં આથી તમામ આચાર્યશ્રી/ડાયરેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે કે તારીખ **૦૭/૦૫/૨૦૧૮** ના રોજ **સવારે ૧૧:૦૦** કલાકે ઉપરોક્ત વિષય અનુસંધાને એક **સેમિનાર**નું આયોજન કરવામાં આવ્યું છે. તો તેમાં તેઓ પોતે અથવા પ્રતિનિધિ અવશ્ય હાજરી આપે તે માટે વિનંતી છે. સેમિનારનું સ્થળ **એન.એફ.ડી.ડી. હોલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ** ખાતે રહેશે.

**નોંધ** : ઉપરોક્ત કાર્યવાહીનો સત્વરે અમલ કરવા વિનંતી.

કુલસચિવ

**નકલ સવિનય રવાના :**

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ડાયરેક્ટરશ્રીઓ

**નકલ જાણ અર્થે :**

(૧) માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી